જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૧૯ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૭/૧૯

## જાહેરનામાની પ્રતિબંધીત ચાઇનીઝ દોરી ભરેલ કાર્ટુન નંગ.૩ કિ.રૂ.૫૨,૮૦૦/-ના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

આગામી ઉતરાયણના તહેવાર દરમ્યાન પાકા સીન્થેટીક ચાઇનીઝ નાયલોન મટીરીયલથી તૈયાર કરવામાં આવેલ પાકા દોરાથી ઉડાડવામાં આવતા પતંગોના કારણે રોડ ઉપર વાહન ચલાવતા વાહન ચાલકોને ગંભીર ઇજાઓ થાય છે. આ બાબતે મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓએ જાહેરમાના ક્રમાંક: વિશેષ શાખા/એચ સેકશન/મકરસંક્રાંતી/પરમીટ/૫૧૫/૨૦૧૮ થી તા.૧૭/૧૨/૨૦૧૮ ના રોજ ચાઇનીઝ દોરી, સિન્થેટિક ચાઇનીઝ દોરી, નાયલોન દોરી અથવા અન્ય કાચ અથવા હાનીકારક દોરી અથવા પતંગ ઉડાવવા માટે ઉપયોગમાં લેવાતી અન્ય નુકશાન કારક વસ્તુઓ તેમજ કાચ પાયેલી અથવા અન્ય હાનિકારક પાદાર્થોનુ કોટીંગ ધરાવતી કોટન દોરીની આયાત/ઉપલબ્ધી/વેચાણ/સંગ્રહ/ઉપયોગ ઉપર તથા વ્યક્તિઓ પશુ, પક્ષીઓ અને માલ મિલ્કતને નુક્શાન થાય તે રીતે પતંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે.

જે જાહેરનામાનો ભંગ કરનાર વેપારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહિ કરવા સારૂ ખાસ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ ઇન્સપેકટરશ્રી એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના મુજબ એસ.ઓ.જી.ના પો.સ.ઇ. શ્રી.એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી. એ.એ.દેસાઇ તથા પો.સ.ઇ. શ્રી.બી.ડી.ભટ્ટ નાઓ તેમની ટીમો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાથેના પો.કો.વિજેન્દ્ર ભંવરલાલ તથા પો.કો. ધર્મેશભાઇ રમેશભાઇ નાઓની સંયુકત

બાતમી હકીકત આધારે એક ઇસમ નામે બાદલ S/O નરેન્દ્રકુમાર ચેલાણી ઉ.વ.૨૮ ધંધો.વેપાર, રહે. મ.નં.બી/૨૬,૨૭, હરીકૃષ્ણનગર, વહીવટદારની કચેરીની સામે, હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર. નાને જાહેરનામાની પ્રતિબંધીત ચાઇનીઝ દોરી ભરેલ રેલ ના કાર્ટુન નંગ.૩ જે ત્રણેય કાર્ટુન માંથી કુલ્લે ચાઇનીઝ દોરી ભરેલ રેલ નંગ.૧૭૬ જેની કુલ્લે કિ.રૂ.૫૨,૮૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહિ કરી આગળની વધુ તપાસ અર્થે એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે સોપેલ છે.

## ગેર કાયદેસર ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી આગામી ઉતરાયણના તહેવાર અન્વયે લોકો અને પશુ-પક્ષીના જાન માલને હાનિ પહોચાડે તેવી ચાઈનીઝ દોરીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોય જે જાહેરનામાનો ચુસ્ત અને કડક અમલ કરી ગેરકાયદેસર રીતે ચાઈનીઝ દોરીનુ વેચાણ તથા હેરાફેરી કરતા ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તથા કેસો શોધી કાઢવા સારુ અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓએ સુચના આપતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટર શ્રી વી.આર.વસાવા સા.નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ જે.આર.પટેલ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના હે.કો.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી **મોઈન મહમદયુનુસ પટેલ ઉ.વ.૧૮ રહે.બી/૫ સહજાનંદ સોસા.સરકારી હોસ્પિ.ની પાસે દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને ચાઈનીઝ દોરીના રીલ નંગ-૮૦ આશરે કિ.રુ.૨૪,૦૦૦/** ની મતાના મુદામાલ સાથે પકડી લઈ દાણીલીમડા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૧૩/૧૯ ધી ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ ની કલમ ૧૩૧, ૧૧૭ મુજબનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવુતિ અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી પી.જી.સરવૈયા મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા મ.સ.ઇ. દિનેશકુમાર મીઠાભાઇ બ.નં. ૭૬૧૧ તથા પો.કો. દિનકરકુમાર ભીખાભાઇ બ.નં.૩૦૪૨ નાઓએ અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા હસમુખભાઇ ઉર્ફે હસુડી સ/ઓ કાળુભાઇ જીવરાજભાઇ પટેલ ઉ.વ.૪૮ રહે.બ્લોક નં.૧૨૬/3003 ગુ.હા.બોર્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો પ્રોહીની પ્રવુતિ સાથે સંકળાયેલ છે જે ચોરી-છુપીથી પ્રોહીની અસામાજીક પ્રવુતિ કરતો હોય જેની વોચમા રહી અવાર નવાર ભારતીય બનાવટનો વિદેશીદારૂના કેસો કરેલ છે. જેમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુ.ર.નં. ૫૫૭૮/૧૮ ધી પ્રોહી. એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)(બી),૮૧ મુજબ તથા (૨) પ્રોહી ગુ.ર.નં. ૫૦૧૦/૧૯ ધી પ્રોહી. એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબના ગુનાઓ નોધાયેલ છે સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રિત કરી મે.પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્માક/PCB/DTN/ પાસા/૨૨/૧૯ તા.૦૫/૦૧/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૦૫/૦૧/૨૦૧૯ ના કલાક ૨૧/00 વાગે પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામા આપેલ છે.

---

# મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવુતિ અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી પી.જી.સરવૈયા મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા મ.સ.ઇ. દિનેશકુમાર મીઠાભાઇ બ.નં. ૭૬૧૧ તથા પો.કો. દિનકરકુમાર ભીખાભાઇ બ.નં.૩૦૪૨ નાઓએ અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા મહેશભાઇ નારણભાઇ જાતે પવાર(રાજપુત) ઉ.વ.૪૯ રહે.બ્લોક નં.૬/૧૨૪ ગુ.હા.બોર્ડ રાજેન્દ્ર પાર્ક મ્યુ. બગીચા પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો પ્રોહીની પ્રવુતિ સાથે સંકળાયેલ છે જે ચોરી-છુપીથી પ્રોહીની અસામાજીક પ્રવુતિ કરતો હોય જેની વોચમા રહી વિદેશીદારૂના કેસ કરેલ છે. મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુ.ર.નં. ૫૫૭૮/૧૮ ધી પ્રોહી. એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)(બી),૮૧ મુજબનો ગુનો નોધાયેલ છે સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રિત કરી મે.પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્માક/PCB/DTN/ પાસા/૨૩/૧૯ તા.૦૫/૦૧/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૦૫/૦૧/૨૦૧૯ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામા આપેલ છે.

**<u>ઇસનપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૬/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ</u>**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય અને હાલમા નાસતા-ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઇવ ચાલતી હોય ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર શ્રી ડી.આર.ગોહીલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડનાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા <u>*અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો સુરેશભાઇ જીવણભાઇ તથા અ.પો.કો અમિતકુમાર દાનાભાઇને મળેલ સયુક્ત બાતમીથી*</u> ઇસનપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૬/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો <u>*આરોપી ફરહાન નાસીરભાઇ કુરેશી ઉ.વ ૩૩ રહે મ.ન કે/૧૦ ગલી નં-૬ ગુલશાન પાર્ક સોસાયટી બરફની ફેકટરી સામે ઇસનપુર અમદાવાદ શહેર*</u>નાને આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૮ ના કલાક ૨૦/૪૫ વાગે ચંડોળા પાળ પી.ડબલ્યુ.ડી ઢાળ પાસેથી પકડી પાડેલ છે તા.૦૪/૦૧/૨૦૧૮

<u>*(૧)ઇસનપુર પો.સ્ટેના નાસતા-ફરતાના લીસ્ટમા અ.નં.-૩૧ મા નામ જણાવેલ છે*</u>

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

<u>આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરવા બાબત</u>

<u>પ્રોહી.સબંધી</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૦૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન સા. અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુતી આચરતા નીચે જણાવેલ આરોપીઓ વિરૂધ્ધ દાખલ થયેલ પ્રોહી.ગુનામા નારોલ પો.સ્ટે.થી પાસા દરખાસ્ત ભરી મે.પો.કમિ.શ્રીને મોકલી આપતા

(૧) મોહંમદ ઇમરાન મોહંમદ અખ્તર અસગરભાઇ જાતે સૈયદ ઉ.વ.૨૦ ધંધો બેકાર રહે વટવા બ્રીજની નીચે રેનબસેરામા ચાર માળીયા સામે વટવા અમદાવાદ શહેરનાઓને <u>પીસીબી/ડીટીએન/પાસા/૨૪/૧૯ તા.૦૫/૦૧/૨૦૧૯</u> થી હુકમ કરતા આજરોજ તા.૦૫/૦૧/૨૦૧૯ ક.૨૦/૩૦ વાગ્યે બજવણી કરી પાસા અટકાયતમા મધ્યસ્થ જેલ વડોદરા તથા

(૨) આઈશા ઉર્ફે આશા વા/ઓફ સાજીદખાન રહીમખાન જાતે પઠાણ ઉ.વ.૩૩ રહે મ.નં. ૦૫ આબાદનગર સોસા બાગે કૌશરની સામે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેરનાઓને <u>પીસીબી/ડીટીએન/પાસા/૨૫/૧૯ તા.૦૫/૦૧/૨૦૧૯</u> થી હુકમ કરતા સદરી આરોપીબેનને આજરોજ તા.૦૫/૦૧/૨૦૧૯ ક.૧૭/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતમા મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૫/૦૧/૨૦૧૯

**<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :</u>**

ચાંદખેડા પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુ.ર.નં.૫૦૭૦/૧૮ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ તથા (૨) પ્રોહી ગુ.ર.નં.૫૨૧૯/૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૫ઇ (બી)૧૧૬ મુજબના ગુનાના કામના આરોપી રવિ S/O હરીનારાયણ રામલખન મૌર્ય ઉ.વ.૨૫ ધંધો મજુરી રહે. ગણેશનગર, નર્સરી, પાણીની ટાંકી પાસે મોટેરા, ચાંદખેડા અમદાવાદ શહેર મુળવતન ગામ- કોહરા, અમેઠી, જી. સુલતાનપુર, ઉત્તરપ્રદેશ નાની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા સદરી ઇસમને મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પ્રાસા/૧૮/૧૯ તા.૪/૧/૨૦૧૯ થી વડોદરા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતાં સદરી ઇસમને આજરોજ તા.૪/૧/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે વડોદરા જેલ ખાતે મોકલી આપેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

## <u>શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતી</u>

આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૯ ના રોજ શરીર સંબંધી તથા મિલકત સંબંધી ગુનાનો આરોપી ઉસ્માન S/O યુનુસભાઇ હબીબભાઇ જાતે.ધાંચી (મુસ્લીમ) ઉ.વ.૨૫ ધંધો.છુટક મજુરી રહે.ખેમચંદની ચાલી, ધનુષધારી મંદીરની પાસે, પાટીયા નરોડા અમદાવાદ શહેર નાનો મળી આવતાં આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા વોરંટની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ, પાલારા-ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.